# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫ / ૧૫૪૫૦ તા.૨૦/૧૨/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી,બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ

સુરત.જિ.સુરત

**વિષય:-** રાજય સરકારશ્રીની શિષ્યવૃતિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી)ની યોજનાં બાબત.

**સંદર્ભ:-** ઉચ્ચ શિક્ષણ કીહ્નશનરશ્રી કચેરી,ગાંધીનગરનો તા.૧૭/૧૨/૨૦૨૫નો પત્ર અન્વયે

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળામાં ચાલુ વર્ષ સને ૨૦૨૫-૨૬ માં અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ચાલુ વર્ષમાં આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજનાઓ માટે શાળાઓને જાણ અને અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત.જિ.સુરત

બિડાણ :- ૧.ઉકત પરિપત્રની નકલ

**ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,**
**સ્કોલરશીપ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.**

**સ્મૃતિપત્ર-૧**

ક્રમાંક:ઠ-૨/સ્કો/૨૦૨૫/ ૩૬૦
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
બ્લોકનં:૧૨/૨,ડૉ.જી.એમ.ભવન,
ગાંધીનગર
તા.[illegible]/૧૨/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા તમામ

**વિષય:-** રાજ્ય સરકારશ્રીની શિષ્યવૃતિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી)ના ગ્રાન્ટના અંદાજો મોકલી આપવા બાબત(સને.૨૦૨૫-૨૬)

**સંદર્ભ:-** (૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ. તા.૧૪/૦૮/૨૦૧૭
(૨) અત્રેની કચેરીનો સ્કોલરશીપ શાખાનો પત્ર ક્રમાંક:ઠ-૨/સ્કો/૨૦૨૫/૨૭૫, તા.૧૭/૦૯/૨૦૨૫

શ્રીમાન,

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપના જિલ્લાની સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ કોલેજોમાં ચાલુ વર્ષ સને ૨૦૨૫-૨૬ માં અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ચાલુ વર્ષમાં રાજય સરકારની શિષ્યવૃતિઓ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઈબીસી ફી માફી) શિષ્યવૃતિ ચુકવવાની થાય છે. જે અન્વયે આપના જિલ્લામાં ચાલુ વર્ષ માટે કેટલી ગ્રાન્ટની જરૂરીયાત રહેશે. તેનાં અંદાજો આપના જિલ્લાની ઉક્ત કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવીને કે કોલેજોના આચાર્યશ્રીઓ પાસેથી અંદાજો મંગાવીને એકત્રિત કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં તૈયાર કરીને આ કચેરીને તા. ૩૧/૧૨/૨૦૨૫ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. તા. ૩૧/૧૨/૨૦૨૫ પછી આવેલ માહિતી માન્ય રાખવામાં નહી આવે જેથી નિયત સમયમર્યાદામાંઆ અંગેની ગ્રાન્ટની ફાળવણી થઈ શકે.

➢ આ માહિતી એકત્રિત કરતી વખતે નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.

2. સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઉક્ત ઠરાવમાં જોગવાઈ કર્યા મુજબ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને મળવાપાત્ર ફી માફીની રકમ ધ્યાને લેવાની છે.

2. ધોરણ-૧૨ માં ૬૦ ટકા કરતાં વધુ ગુણ મેળવનારને આખી શિક્ષણ ફી અને ૬૦ ટકા થી ઓછા ગુણ મેળવનાર (સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં) વિદ્યાર્થીઓને અડધી ફી ચુકવવા માટે રકમ ધ્યાને લેવાની રહેશે. જ્યારે બીજા અને ત્રીજા વર્ષમાં આખી ફી માફી મેળવવા માટે આગલા વર્ષે ૫૦% કરતાં વધુ ગુણ જોઇએ અને ૫૦% કરતાં ઓછા ગુણ મેળવેલ હશે તો આખી ફી માફી મળવાપાત્ર થશે નહી, અડધી ફી માફી મળવાપાત્ર થશે.

3. સ્નાતક કક્ષાએ ૬૫ ટકા કરતાં વધુ ગુણ મેળવનારને આખી શિક્ષણ ફી અને ૬૫ ટકા થી ઓછા ગુણ મેળવનાર (અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં) વિધાર્થીઓને અડધી ફી ચુકવવા માટે રકમ ધ્યાને લેવાની રહેશે.

4. વિધાર્થીના વાલીના વાર્ષિક આવક મર્યાદા રૂ.૨,૫૦,૦૦૦/- ની છે.

5. ઉક્ત ઠરાવની જોગવાઇ મુજબ માત્ર કોલેજમાં સ્નાતક અને અનુસ્નાતકનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર છે. શાળાના વિધાથીઓને ચુકવવાપાત્ર નથી. જેથી તેઓની માહિતી મોકલવાની નથી.

6. રાજ્ય સરકારશ્રીની કોઇપણ એક શિષ્યવૃતિ મળવાપાત્ર હોઈ જે વિધાર્થીએ આર્થિક રીતે પછાત વર્ગના ધોરણે કોઈ નિયત દરે અન્ય શિષ્યવૃતિનો લાભ મેળવેલ હશે. કે અન્ય કોઇ યોજના હેઠળ શિક્ષણ ફી માફી મળેવેલ હશે. તો પણ તેને આ યોજનાનો લાભ મળવાપાત્ર ન હોઈ તેની માહિતી મોકલવાની નથી.

7. સ્વનિર્ભર (સેલ્ફ ફાયનાન્સ) કોલેજના વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

આપના જિલ્લાની કોલેજોનો કોઈ પાત્રતા ધરાવતો વિધાર્થી ઉક્ત શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તે મુજબની કાર્યવાહી કરવા કોલેજોના આચાર્યશ્રીઓને જણાવશે. અને કોલેજો આ કચેરીને સીધે સીધી માહિતી ના મોકલે તે પણ જણાવશો. તમામની માહિતી અમારી કચેરીમાં મંગાવીને એકત્રિત કરીને દર વર્ષની જેમ સંકલન કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં નિયત સમય મર્યાદામાં આ કચેરીને મોકલી આપશો.માહિતી આ સાથેના ઈ- મેઇલ edn762023@gmail.com પર સોફ્ટ કોપી એક્સેલમાં અને હાર્ડકોપી પણ મોકલી આપશો.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

બિડાણ : નિયત પત્રક

નકલ રવાના :-

- પ્રિન્સીપાલશ્રી, સરકારી અને માત્ર ગ્રાન્ટેડ બિન સરકારી કોલેજો, તમામ.

પત્રક-અ

**આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી) હેઠળ સને ૨૦૨૫-૨૬ના વર્ષમાં થનાર ખર્ચના અંદાજોની વિગત દર્શાવતુ પત્રક**

કચેરીનું નામ:-

જિલ્લાનું નામ:-

| ક્રમ | કોલેજનું નામ | સરકારી કે ગ્રાન્ટ ઇન એઇડ | વર્ષ | આખી ફી માફી માટે આવેલ વિદ્યાર્થીઓ ની અરજીઓની સંખ્યા | જે માટે ચુકવવાની થતી કુલ વાર્ષિક રકમ રૂ. | અડધી ફી માફી માટે આવેલ વિદ્યાર્થીઓની અરજીઓની સંખ્યા | જે માટે ચુકવવાની થતી કુલ વાર્ષિક રકમ રૂ. | એકંદરે ચુકવવાની થતી રકમ રૂ. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એફ.વાય. | | | | | | |
| | | | એસ.વાય. | | | | | | |
| | | | ટી.વાય. | | | | | | |
| | | | પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રથમ વર્ષ | | | | | | |
| | | | પોસ્ટ ગ્રેજ્યુએટ બીજુ વર્ષ | | | | | | |
| કુલ સરવાળો | | | | | | | | | |

કચેરીના વડાનો સહી સિક્કો

નોંધ:- માહિતી "નીલ" હોય તો પણ જાણ કરવાની રહેશે અને શાળાના વિદ્યાથીઓની માહિતી મોકલવાની નથી.

Anyscanner

જુદી જુદી શિષ્યવૃત્તિઓના દર, બેઠકોની સંખ્યા
તથા વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં
સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક-એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ
સચિવાલય,ગાંધીનગર
તારીખ- ૧૪/૮/૨૦૧૭

વંચાણમાં લીધા : -

(૧) ગુજરાત સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૦૪/૦૫/૧૯૬૮ નો ઠરાવક્રમાંક:એચસીએચ/૧૭૬૭/લ તથા તા.૨૨/૧૦/૭૪ના ક્રમાંક:એચસીએચ/૧૦૭૩/૬૨૫૬૧ /ઘ અને શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:એચસીએચ/૧૧૮૧/૩૯૫૧/(૮૨) છ તા.૨૦/૩/૮૨

(૨) ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગનો તા.૨૮/૧૧/૧૯૮૬ નો ઠરાવ ક્રમાંક: એચસીએચ/૧૩૮૨/૧૧૮૭૮/છ તથા તા.૮/૬/૯૦નો ઠરાવ ક્રમાંક:એચસીએચ/૧૧૮૮/૩૦૭૦/છ

(૩) ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગનો તા.૦૩/૦૬/૧૯૮૮ નો ઠરાવ ક્રમાંક:એચસીએચ/૧૧૮૬/૧૭૫૬૯/૭૧૬/છ

(૪) ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગનો તા.૨૬/૦૬/૧૯૮૦ નો ઠરાવ ક્રમાંક:એચસીએચ/૧૦૭૮/૪૭૬૪/૮૦/ઘ

(૫) ગુજરાત સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૨૩/૬/૧૯૭૨નો ઠરાવ ક્રમાંક:ઇબીસી/૧૦૭૨/૨૯૫૦૧/ચ અને શિ.વિ.નો તા.૨૯/૦૬/૧૯૭૭નો ઠ. ક્રમાંક: ઇબીસી/૧૦૭૭/૩૪૭૮૨/લ

(૬) ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગનો તા.૩૦/૧૦/૯૧નો ઠરાવ ક્રમાંક-એસસીએચ/૧૧૮૯/૪૯૬/છ અને તા.૩/૧૦/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક: એસસીએચ/૧૧૮૯/૪૯૬/છ

(૭) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી,ગાંધીનગરના પત્ર ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૧૫/૬૦૦૯ તા.૧૮/૭/૨૦૧૬

ઉપર વંચાણે લીધા ક્રમાંક-(૧) થી (૫)માં જણાવેલ ઠરાવોની જોગવાઇ અન્વયે હાલમાં જુદી જુદી શિષ્યવૃત્તિઓ આપવાની યોજનાઓ અમલમાં છે. આ યોજનાઓ હેઠળની જુદી જુદી શિષ્યવૃત્તિઓના દર, બેઠકોની સંખ્યા તથા વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં સુધારો કરવા માટે વંચાણે લીધા ક્રમાંક:૭ થી દરખાસ્ત મળેલ છે. જે અન્વયે રાજય સરકારશ્રી પ્રવર્તમાન ઇડીએન-૭૬ યોજના હેઠળ જુદી જુદી શિષ્યવૃત્તિઓના દર, બેઠકોની સંખ્યા તથા વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં સુધારો કરવા માટે ની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જુદી જુદી શિષ્યવૃત્તિ યોજનાઓ હેઠળ ચુકવવામાં આવતી રકમમાં તથા બેઠકોની સંખ્યામાં પણ ઘણા લાંબા સમયથી (૨૫ વર્ષ) વધારો કરવામાં આવેલ નથી. પ્રવર્તમાન સંજોગોમાં મોંઘવારી તેમજ પગારમાં થયેલ વધારના કારણે આવકના

...રણ પણ ઉંચા જવા પામેલ છે. તેમજ હાલમાં ચુકવવામાં આવતી શિષ્યવૃત્તીની રકમ પણ ઘણી ઓછી હાલનાં સંજોગોમાં શાળાઓ અને કોલેજોની સંખ્યામાં વધારો થવાને કારણે વિદ્યાર્થીઓની સંખ્યામાં ...ણો જ વધારો થયેલ છે. તેમજ શાળા અને કોલેજો તરફથી વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી ...માં પણ ખૂબજ વધારો થયેલ છે, આમ આ બધી બાબતો ધ્યાનમાં લેતા જુદી જુદી શિષ્યવૃત્તિઓના ...ર, બેઠકોની સંખ્યા તથા વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરવો ખૂબ જ અનિવાર્ય ... પુખ્ત વિચારણાના અંતે હાલની ઇડીએન-૭૬ હેઠળની જુદી જુદી શિષ્યવૃત્તિઓના દર, બેઠકોની સંખ્યા ...થા વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં નીચે મુજબ યોજનાવાર વધારો કરવામાં આવે છે.

| ક્રમ | શિષ્યવૃત્તિ યોજનાનું નામ | જૂની વાર્ષિક આવક મર્યાદા રૂા. | નવી વાર્ષિક આવક મર્યાદા રૂા. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | ઇડીએન.૭૬ | | |
| ૧ | ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના | ૨૫,૦૦૦/- | ૨,૫૦,૦૦૦/- |
| ૨ | સંશોધન શિષ્યવૃત્તિ યોજના | આવક મર્યાદા નથી | આવક મર્યાદા નથી |
| ૩ | સરકારી કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ યોજના | આવક મર્યાદા નથી | આવક મર્યાદા નથી |
| ૪ | ફેલોશીપ શિષ્યવૃત્તિ યોજના | ૨૫,૦૦૦/- | ૨,૫૦,૦૦૦/- |
| ૫ | પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃત્તિ યોજના | આવક મર્યાદા નથી | આવક મર્યાદા નથી |
| ૬ | આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી (ઈબીસી) | ૨૫,૦૦૦/- | ૨,૫૦,૦૦૦/- |

<u>ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના</u> :--

ઉચ્ચ શિક્ષણ આપતી સરકારી અને બિન સરકારી ગ્રાંટ ઇન એઇડ સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જગ્યાઓના પ્રમાણમાં મેરીટના ધોરણે જુદા જુદા અભ્યાસક્રમો માટે આપવામાં આવે છે.

| ક્રમ | યોજનાનુ નામ/પ્રકાર | જૂની બેઠકોની સખ્યા | નવી બેઠકોની સંખ્યા | જૂનો દર માસીક રૂા. | નવો દર રૂા. વાર્ષિક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | તબીબી | ૧૪૦ | ૨૦૦ | ૫૦/- | ૬૦૦૦/- |
| ૨ | એન્જીનીયર | ૧૪૦ | ૨૦૦ | ૫૦/- | ૬૦૦૦/- |
| ૩ | આયુર્વેદ | ૦૩૬ | ૦૭૫ | ૩૦/- | ૩૦૦૦/- |
| ૪ | કોમર્સ | ૧૦૦ | ૧૫૦ | ૩૦/- | ૧૦૦૦/- |
| ૫ | સાયન્સ | ૦૭૦ | ૧૫૦ | ૩૦/- | ૨૦૦૦/- |
| ૬ | આર્ટ્સ | ૧૩૦ | ૧૫૦ | ૩૦/- | ૧૦૦૦/- |
| ૭ | પોસ્ટ ગ્રેજ્યુઇટ | ૦૪૫ | ૧૦૦ | ૫૦/- | ૩૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | પોસ્ટ ગ્રેજ્યુઇટ | | | | |
| ૮ | ફાઇન આર્ટ | ૦૫૫ | ૧૦૦ | ૫૦/- | ૩૦૦૦/- |
| ૯ | પરચુરણ/પ્રોફેશનલ | ૦૦૮ | ૨૦ | ૩૦/- | ૧૦૦૦/- |
| ૧૦ | કાયદો | ૦૯૦ | ૧૦૦ | ૩૦/- | ૨૦૦૦/- |
| ૧૧ | ફાર્મસી | ૦૧૩ | ૦૫૦ | ૧૫/- | ૨૦૦૦/- |
| ૧૨ | ઉચ્ચ માધ્ય.શિક્ષણ | ૦૨૦ | ૦૫૦ | ૫૦/- | ૨૦૦૦/- |
| | (ધો.૧૧, ધો. ૧૨) | ૧૦૦ | ૨૦૦ | ૩૦/- | ૧૦૦૦/- |
| | કુલ | ૯૦૨ | ૧૪૪૫ | | |

3

## સંશોધન શિષ્યવૃત્તિ યોજના :-

રાજયની શૈક્ષિણક સંસ્થાઓ તથા મહાવિધાલયોમાં સંશોધનનો અભ્યાસ કરતા ૨૫ વર્ષથી ઓછી ઉંમરના વિધાર્થીઓને જગ્યાના પ્રમાણમાં વિષય મુજબ આપવામાં આવે છે.

| ક્રમ | યોજનાનુ નામ /પ્રકાર | જૂની બેઠકોની સખ્યા | નવી બેઠકોની સંખ્યા | જૂનો દર માસીક રૂા. (દશ માસ માટે). | નવો દર રૂા. વાર્ષિક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | સંશોધન શિષ્યવૃતી | ૨૧ - યુનિ. માટે<br>૦૫ - સરકારી કોલેજો માટે | ૭૨<br>(કુલ.૧૨ યુનિ. માટે ) | ૧૦૦૦/- | રૂા.૧૦,૦૦૦/- દરમાં વધારો કરવાનો થતો નથી. |
| | કુલ | ૨૬ | ૭૨ | | |

ાલની ગ્રાંન્ટેડ યુનિવર્સિટી ઓની સંખ્યા -૧૨ છે. જે મુજબ યુનિવર્સિટી દીઠ ૬ બેઠકો (વિષય મુજબ) લેખે ાણતરી કરતાં કુલ- ૭૨ બેઠકોની વિચારણા કરેલ છે. જ્યારે સરકારી કોલેજોની સંખ્યા(જોગવાઇ) રદ કરેલ છે. ા યોજનાની અમલવારી કરવા માટે જે તે યુનિવર્સિટીએ પોતાની સંસ્થા ખાતે સંશોધનનો અભ્યાસ કરવા માટે ે. ેળવેલ અને લાયકાત ધરાવતા વિધાર્થી પાસેથી નિયત અરજી મેળવીને તેની તમામ વિગતોની ખરાઇ ીને અત્રે મોકલી આપવાની રહેશે.

## ારકારી કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ યોજના :-

સરકારી કોલેજમાં અભ્યાસ કરતાં બી.કોમ., બી.એ. અને બી.એસ.સી. એમ ત્રણેય શાખામાં, પ્રથમ, બીજા ને ત્રીજા એમ ત્રણેય વર્ષમાં યુનિવર્સિટી કક્ષાએ એકથી ત્રીજા ક્રમે ઉત્તીર્ણ થનાર વિધાર્થીઓને ઇન્સેન્ટિવના માં આપવામાં આવે છે.

| ૧ | યોજનાનુ નામ/પ્રકાર | બેઠકોની સંખ્યા | જૂનો દર માસીક રૂા. | | નવો દર રૂા. વાર્ષિક |
|---|---|---|---|---|---|
| | વિનયન શાખા | બેઠકોનીસંખ્યાની મર્યાદા લાગુ પડતી નથી. | વિધાર્થી દીઠ | | વિધાર્થી દીઠ |
| | પ્રથમ વર્ષ | | યુનિવર્સિટીમાં પ્રથમ | રૂ.૧૫ | રૂ.૩૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં દ્વિતિય | રૂ.૧૨ | રૂ.૨૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં તૃતિય | રૂ.[illegible] | રૂ.૧૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | બીજુ વર્ષ | | યુનિવર્સિટીમાં પ્રથમ | રૂ.૧૫ | રૂ.૩૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં દ્વિતિય | રૂ.૧૨ | રૂ.૨૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં તૃતિય | રૂ.૧૦ | રૂ.૧૦૦૦ |
| | ત્રીજુ વર્ષ | | યુનિવર્સિટીમાં પ્રથમ | રૂ.૧૫ | રૂ.૩૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં દ્વિતિય | રૂ.૧૨ | રૂ.૨૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં તૃતિય | રૂ.૧૦ | રૂ.૧૦૦૦ |
| ૨ | વાણિજ્ય શાખા | | | | |
| | પ્રથમ વર્ષ | | યુનિવર્સિટીમાં પ્રથમ | રૂ.૧૫ | રૂ.૩૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં દ્વિતિય | રૂ.૧૨ | રૂ.૨૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં તૃતિય | રૂ.૧૦ | રૂ.૧૦૦૦ |
| | બીજુ વર્ષ | | યુનિવર્સિટીમાં પ્રથમ | રૂ.૧૫ | રૂ.૩૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં દ્વિતિય | રૂ.૧૨ | રૂ.૨૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં તૃતિય | રૂ.૧૦ | રૂ.૧૦૦૦ |
| | ત્રીજુ વર્ષ | | યુનિવર્સિટીમાં પ્રથમ | રૂ.૧૫ | રૂ.૩૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં દ્વિતિય | રૂ.૧૨ | રૂ.૨૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં તૃતિય | રૂ.૧૦ | રૂ.૧૦૦૦ |
| 3 | વિજ્ઞાન શાખા | | | | |
| | પ્રથમ વર્ષ | | યુનિવર્સિટીમાં પ્રથમ | રૂ.૧૫ | રૂ.૩૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં દ્વિતિય | રૂ.૧૨ | રૂ.૨૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં તૃતિય | રૂ.૧૦ | રૂ.૧૦૦૦ |
| | બીજુ વર્ષ | | યુનિવર્સિટીમાં પ્રથમ | રૂ.૧૫ | રૂ.૩૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં દ્વિતિય | રૂ.૧૨ | રૂ.૨૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં તૃતિય | રૂ.૧૦ | રૂ.૧૦૦૦ |
| | ત્રીજુ વર્ષ | | યુનિવર્સિટીમાં પ્રથમ | રૂ.૧૫ | રૂ.૩૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં દ્વિતિય | રૂ.૧૨ | રૂ.૨૦૦૦ |
| | | | યુનિવર્સિટીમાં તૃતિય | રૂ.૧૦ | રૂ.૧૦૦૦ |

## ફેલોશિપ શિષ્યવૃત્તિ યોજના :-

રાજયની સરકારી તેમજ બિન સરકારી શાળા, કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જગ્યાના પ્રમાણમાં, મેરીટના ધોરણે તેજસ્વી વિદ્યાર્થીઓને આવક મર્યાદા ધ્યાને લઇને ફેલોશીપ રૂપે આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. આ ફેલોશીપ મારફત વિદ્યાર્થીકાળ દરમ્યાન તેઓ અંશત: સ્વાવલંબી બની રહે તે આ યોજનાનું ધ્યેય છે.

| ક્રમ | યોજનાનુ નામ/ પ્રકાર | હાલની બેઠકોની સખ્યા | નવી બેઠકોની સંખ્યા | જૂનો દર રૂા. માસિક(૧૦ માસ માટે) | | | નવો દર વાર્ષિક રૂા. (૧૦ માસ માટે) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | માધ્ય | સ્નાતક | અનુ સ્નાતક | માધ્ય | સ્નાતક | અનુ સ્નાતક |
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | અનુસુચિત જાતી | ૧૦૦ | ૧૫૦ | ૧૫૦ | ૨૦૦ | ૪૦૦ | ૨૦૦૦ | 3000 | ૫૦૦૦ |
| ૨ | અનુસુચિત જનજાતી | ૨૦૦ | ૩૦૦ | ૧૫૦ | ૨૦૦ | ૪૦૦ | ૨૦૦૦ | ૩૦૦૦ | ૫૦૦૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | સામાજીક અને શૈ.રીતે પછાત | ૧૫૦ | ૨૦૦ | ૧૫૦ | ૨૦૦ | ૪૦૦ | ૨૦૦૦ | ૩૦૦૦ | ૫૦૦૦ |
| ૪ | અન્ય | ૫૫૦ | ૭૫૦ | ૧૫૦ | ૨૦૦ | ૪૦૦ | ૨૦૦૦ | ૩૦૦૦ | ૫૦૦૦ |
| ૫ | વાર્ષિક બુક ગ્રાંટ | -- | -- | ૨૦૦ | ૩૦૦ | ૪૦૦ | નથી | નથી | નથી |
| | કુલ | ૧૦૦૦ | ૧૪૦૦ | | | | | | |

ઉપર મુજબ નકકી કરવામાં આવેલ નવી જોગવાઇ મુજબની બેઠકોમાં કોઇ કેટેગરીમાં ઓછી અરજી આવે અને ત્તિ વણવપરાયેલી રહે તો તેટલી શિષ્યવૃત્તિની બેઠકો અન્ય કોઇ ખૂટતી કેટેગરીમાં સમાવેશ કરીને મંજુર કરી શકાશે, યત કરતી વખતે કુલ ખૂટતી સંખ્યાને અન્ય કેટેગરીમાં મળેલ અરજીઓના પ્રમાણસર ફાળવવાની રહેશે. પરંતુ કેસમાં અંદરોઅંદર ફેરફારના કારણે એકંદરે નકકી કરેલ કુલ ૧૪૦૦ બેઠકો કરતાં વધવી જોઇશે નહી.

**<u>પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના</u> :-**

સરકારી અને બિન સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની પરીક્ષા લઇને તેમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને જગ્યાના પ્રમાણમાં મેરીટના ધોરણે આપવામાં આવે છે.

| ક્રમ | યોજનાનુ નામ/ પ્રકાર | જુની બેઠકોની સખ્યા | નવી બેઠકોની સંખ્યા | જુનો દર રૂા. માસિક- (૧૦ માસ માટે મળવાપત્ર) | નવો દર વાર્ષિક રૂા. (૧૦ માસ માટે) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | પ્રાથમિક શિષ્યવૃત્તિ ધો.૫ થી ૭ | ૫૩૫ | ૧૦૦૦ | ૧૦/- | ૭૫૦/- |
| ૨ | માધ્યમિક શિષ્યંવૃત્તિ ધો.૮ થી ૧૦ | ૫૩૫ | ૧૦૦૦ | ૧૫/- | ૧૦૦૦/- |
| ૩ | ગ્રામ્ય વિસ્તારના તેજસ્વી વિધ્યાથીઓને શિષ્યવૃત્તિ ધો.૮ થી ૧૨ | ૭૫૦ | ૧૫૦૦ | * હોસ્ટેલ-૧૦૦૦<br>* ઘેર રહીને-૫૦૦<br>* ટ્યુશન ફી સંસ્થા-૨૫૦<br>* ટ્યુશન ફી વગરની સંસ્થા-૧૫૦ | ગ્રામ્ય વિસ્તારના તેજસ્વી વિદ્યાથીઓને શિષ્યવૃત્તિ ધો.૯ થી ૧૨<br>* હોસ્ટેલ-૨૦૦૦<br>* ઘેર રહીને-૧૦૦૦<br>* ટ્યુશન ફી સંસ્થા- ૫૦૦<br>* ટ્યુશન ફી વગરની સંસ્થા-૩૦૦ |
| ૪ | ટ્રાયબલ તાલુકા શિષ્યવૃત્તિ ધો.૮ થી ૧૨ | ૧૯૨ | ૪૦૦ | * હોસ્ટેલ-૧૦૦૦<br>* ઘેર રહીને-૫૦૦ | ટ્રાયબલ તાલુકા શિષ્યવૃત્તિ ધો.૯ થી ૧૨<br>* હોસ્ટેલ-૨૦૦૦<br>* ઘેર રહીને-૧૦૦૦ |
| | કુલ | ૨૦૧૨ | ૩૯૦૦ | | |

સદર યોજનાની અમલવારી રાજય પરીક્ષા બોર્ડએ કરવાની રહેશે તેમજ પ્રાથમિક અને માધ્યમિક ક્ષણનું એકમ નવી પેટર્ન મુજબ ધો.૧ થી ૮ પ્રાથમિક અને ધો.૯ થી ૧૦ માધ્યમિકનું ગણવાનું રહેશે અને તે જબ તેનો અમલ કરવાનો રહેશે.

આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી (ઇ.બી.સી.) યોજના :-

ધો.૧૨ પછી સ્નાતક કક્ષાએ અને ત્યાર બાદ અનુસ્નાતક કક્ષાએ સરકારી અને ગ્રાન્ટ ઇનં એઇડ કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આર્થિક રીતે સહાયભૂત થવાના હેતુથી ઇબીસી ફી માફી યોજના હેઠળ ફી માફી આપવામાં આવે છે.

| ક્રમ | યોજનાનુ નામ/પ્રકાર | જૂની બેઠકોની સંખ્યા | નવી બેઠકોની સંખ્યા | જૂનો દર (ફીની ચૂકવણી) | નવો દર (ફીની ચૂકવણી) |
|---|---|---|---|---|---|
| | ધોરણ ૧૨ પછી સ્નાતક ક્ષાએ | બેઠકોની સંખ્યાની મર્યાદા નથી. | બેઠકોની સંખ્યાની મર્યાદા નથી. | ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તો આખી ફી માફી અને ૫૦% કરતા ઓછાં ગુણ મેળવનારને અડધી ફી માફી મંજૂર કરવામાં આવે છે | ૬૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તો આખી ફી માફી અને ૬૦% કરતા ઓછાં ગુણ મેળવનારને અડધી ફી માફી મંજૂર કરવાની રહેશે. |
| | અનુસ્નાત કક્ષાએ | બેઠકોની સંખ્યાની મર્યાદા નથી. | બેઠકોની સંખ્યાની મર્યાદા નથી. | ૬૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તો આખી ફી માફી અને ૬૦% કરતાં ઓછાં ગુણ મેળવનારને અડધી ફી માફી મંજૂર કરવામાં આવે છે. | ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તો આખી ફી માફી અને ૬૫% કરતા ઓછાં ગુણ મેળવનારને અડધી ફી માફી મંજૂર કરવાની રહેશે. |

વંચાણે લીધેલા ઉકત તમામ ઠરાવો અને પત્રોમાં યોજનાવાર કરેલ અન્ય જોગવાઇઓ, શરતો ! બોલીઓ યથાવત રહેશે તેમજ સદર યોજનાઓના અમલીકરણ માટે જરૂરી સુધારા વધારા કે ફેરફાર ાના થતા હોયતો તે અંગે સરકારશ્રીની મંજુરી મેળવી લેવાની રહેશે. ઉકત તમામ યોજના હેઠળ ! મેળવનાર લાભાર્થીઓને વખતો વખત નકકી થાય તે મુજબ ડીબીટી યોજના હેઠળ નાણાં ાવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગનીતા.૧૧/૦૨/૨૦૧૭ના રોજ ા મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેઓશ્રીના નામે,

(અજય ભટ્ટ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર ધ્વારા)
મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન. રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અન્ય માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી,શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી,શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી,નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ-૧ (પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- રજિસ્ટારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ (પત્ર ધ્વારા)
- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુ.રા. ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા., ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ, રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ જિલ્લા
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ જિલ્લા
- જિલ્લા કલેકટરશ્રીઓ, તમામ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- ના.એ.અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ.

---

ક્રમાંકઃહ–૨/સ્કો/૨૦૧૭/ ૧૫૦૭-૨૧૩૯

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર તા.૧૮/૦૮/૨૦૧૭

પ્રતિ,
– આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજો, તમામ..
– ઉપ કુલપતિશ્રી, યુનિવર્સિટીઓ, તમામ..
– જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ..
– જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ..

૨/– શિક્ષણ વિભાગના ઉકત તા.૧૪/૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃએસસીએચ/૧૧૧૬/૫૩૯/ છ થી રાજય સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજનાઓનાં સુધારેલ વિગતો ધ્યાને લઈને ચાલુ વર્ષે સને.૨૦૧૭–૧૮ના વર્ષમાં અમલ કરવા સારૂ -

આપનો વિશ્વાસુ,

નાયબ શિક્ષણ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર